HAMARA MULUND
હમારા મુલુંડ
Editor : Bipin Panchal

### સેંકડો વિદ્યાર્થીઓના ચહેરા પર હર્ષોલ્લાસ, ખુશી અને ચમક જોવા મળી

# શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દહાણુની વિવિધ આદિવાસી શાળાઓમાં શૈક્ષણિક સહાય કરાઈ



















**બિપિન પંચાલ / લાલજી સર ✍**

દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાના શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પાલઘર જિલ્લાના દહાણુ તાલુકાની વીસ શાળાઓના ૨૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને શનિવાર તા.૨૨ જૂન અને મંગળવાર, તા.૨૫ જૂનના રોજ શ્રી નિમેષ તન્ના ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) દ્વારા શૈક્ષણિક સહાય કરવામાં આવી હતી સ્કૂલ બેગ, કંપાસ, વોટર બોટલ, સ્લેટ તેની પેન સાથે, સ્કેલ, રબર,પેન, પેન્સિલ, ટોર્ચ, ફરસાણ, ચોકલેટ, કેક અને ટુવાલની કીટ આપવામાં આવી હતી. અમુક શાળાને સેંટર બનાવી તેની આસપાસની શાળાઓને આમંત્રી, કોઈ પણ સન્માન કે સ્પીચ વગર ટ્રસ્ટી શ્રીમતી દમયંતીબેન તન્ના અને શ્રી પ્રદીપભાઈ તન્ના અને તેમની સાથે આવેલા સેવાભાવી કાર્યકરોએ આ વિતરણ પાર પાડ્યું હતું. સાથે સાથે વૃક્ષારોપણ પણ જયેશભાઈ ગડા દ્વારા કરવામાં આવ્યું હતું

જાણીતા સમાજ અગ્રણી, દાતાશ્રી મુલરાજભાઈ હરખાણી, હર્ષદભાઈ હરખાણી, **આર્ટ ઓફ લાઈફ- વાલકેશ્વર**ના દાતાશ્રીઓ પણ ટ્રસ્ટના નિયમિત દાતાશ્રીઓ સાથે જોડાયા હતા. આ વિતરણમાં ટ્રસ્ટીઓને મોહન સર, લાલજી સર, અશ્વિનભાઈ પોપટ, મહેશભાઈ કારિયા, અનિલભાઈ ઠક્કર, ડૉ.મીતા ભદ્રા, નવીનભાઈ કારિયા, જયોતિબેન ભીંડે, ગીતાબેન જોબનપુત્રા, અમિષા ઠક્કર, કિન્નરી, ચેતન તન્ના, જગદીશભાઈ ઠક્કર, સતીશભાઈ, કાંચન વગેરેનો સાથ મળ્યો હતો. **શ્રી નિમેષ ચેરિટેબલ ટ્રસ્ટ** દ્વારા મુલુંડ પરિસરના વયસ્કો માટે સતત ૬ વર્ષથી ટિફિન સેવા ચાલુ છે. દરરોજ ૧૩૫ ટિફિન વિનામૂલ્યે અપાય છે તેમજ દર મહિને લગભગ ૧૫ કિ.ગ્રા. રાશનની કીટ ૭૦ જેટલા પરિવારોને આપવામાં આવે છે. **ખરેખર જરૂરતમંદ લોકો ટીફીન સેવા કે સહયોગ માટે સંપર્કઃ દમયંતીબેન તન્ના (ટ્રસ્ટી): 9004135858 તેમજ લાલજી સરઃ 9892006628.**

**શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ (ફ્રી ટિફીન સેવા) દ્વારા એક નમ્ર અપીલઃ આપની આસપાસ એવી કોઈપણ વ્યક્તિ ધ્યાનમાં આવે કે જેને એક ટાઈમ જમવાનું પણ ન મળતું હોય તો અમને સંપર્ક કરો. શ્રીમતી દમયંતીબેન તન્ના (ટ્રસ્ટી) 9004135858.**

આ જગતમાં સૌથી મોટું કોઈ દાન હોય તો તે છે 'વિદ્યાદાન' અને વિદ્યાદાન પણ ત્યારે જ સાર્થક થાય જ્યારે વિદ્યાની સામગ્રી હોય.

● ऑल महाराष्ट्र ह्युमन राईट्स वेल्फेर एसोसिएशन ● टी.जे. मिराणी फाउन्डेशन
● श्री सांई दरबार-मिराणीनगर ● श्री प्रफूल्ल ठक्कर फाउन्डेशन



जयेश सी. मिराणी